## સ્પે.દી.મુ.નં.૩/૨૦૨૫ ના કામે આંક–૧ લગત હુકમ.

આ કામના પક્ષકારોને આંક–૧૮ ની સમાધાન પુરસીસ વાંચી, સંભળાવવામાં આવેલ છે. પક્ષકારોએ ખુલ્લી અદાલતમાં હાજર રહી સમાધાન પુરસીસ મુજબનુ સમાધાન કબુલ–મંજૂર રાખેલ છે. સમાધાન ગેરકાયદેસરનું માલુમ પડતું નથી. તે સબબ સમાધાન નહીં સ્વીકારવાનું કોઈ કારણ નથી. સબબ પક્ષકારોએ રજુ કરેલ પુરસીસ મુજબનું સમાધાન મંજૂર કરી સમાધાન પુરસીસ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામે પક્ષકારોએ કરેલ આંક–૧૮ ની સમાધાન પુરસીસ મુજબ એવો હુકમ કરવામાં આવે છે કે, મોજે ગામ સણસોલી, તા.મહેમદાવાદના ખાતા નં.૪૪૩ જેના બ્લોક/સર્વે નંબર ૯ કુલ ક્ષેત્રફળ હે.આરે.૧–૪૧–૬૪ ચો.મી.પૈકી વાદીઓના હિસ્સામાં વારસાઈ હકકે આવતી હે.આરે.૧–૨૧ –૪૦.૫ જમીન પૈકી હે.આરે.૦–૯૪–૦૦ ચો.મી.જમીન વેચાણ આપેલ તેના બાકી નીકળતા વેચાણ અવેજના નાણાં પ્રતિવાદી નં.૧,૨ ના ચુકવી આપેલ ન હોવાથી તે મેળવવા હાલનો આ દાવો કરેલ જે કામે પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થયેલ જેમાં પ્રતિવાદીઓએ બાકી નીકળતાં નાણાં તા.૩૦.૧૧.૨૦૨૭ સુધીમાં વાદીઓને ચુકવી આપવાના રહેશે અને સદર સમય મર્યાદામાં નાણાં ચુકવી ન આપે તો સદર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૬૩૪/૨૦૨૨ નો આપો આપ રદ બાતલ થયેલ ગણાશે અને તેવા સમાધાન અંગે પક્ષકારોએ આ સાથે આંક–૧૯ થી રજુ નોટરી રૂબરૂનો સમજૂતિ કરાર કરેલ છે અને તે કરાર બંને પક્ષકારોએ કબુલ મંજૂર રાખી તે મુજબ બંને પક્ષકારોએ વર્તવાનું છે અને તે મુજબ આ દાવાના કામે હુકમનામું કરી આપવા બંને પક્ષકારોએ રાજીખુશીથી સહમતી દર્શાવેલ છે. આમ ઉપરોકત મુજબનુ સમાધાન પક્ષકારો વચ્ચે થયેલ છે તે સમાધાન પક્ષકારોના

વંશ વાલી વારસોને કાયમી રીતે બંધનકારક રહેશે, તેવો હુકમ પક્ષકારોની આંક–૧૮ ની સમાધાન પુરસીસ મુજબ કરવામાં આવે છે.

પક્ષકારોનું ખર્ચ પક્ષકારોના શીરે રહેશે.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

ધોરણસર મળવાપાત્ર કોર્ટ ફી રિફન્ડ વાદી નં.ર રઈબેન મધુસુદન પટેલના નામનું આપવું.

ઉપરોકત હુકમ આજ રોજ તા.૧૪મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી લોક અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૪.૦૩.૨૦૨૬
મું.ખેડા.

( મહેશકુમાર ચીમનલાલ પટેલ )
પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ,
ખેડા.
[ GJ01199 ]